તસવીર : સતીષ જાદવ

સિંગણપોરમાં રસ્તા પર કચરો કે કચરામાંથી રસ્તો?

સ્વચ્છતામાં પ્રથમ ક્રમ અપાવ્યાના દાવા ભલે થાય, વાસ્તવિકતા અત્યંત વરવી

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ આંકડાકીય માયાજાળ રચી શહેરને સ્વચ્છતામાં પ્રથમ ક્રમ અપાવ્યો હોવાના દાવા ભલે થતા હોય, પરંતુ વાસ્તવિકતા અત્યંત વરવી છે. કરોડો રૂપિયાના ખર્ચ બાદ પણ મનપા કચરાનો યોગ્ય નિકાલ કરવામાં નિષ્ફળ રહી છે. કતારગામ ઝોનના સિંગણપોર ટ્રાન્સફર સ્ટેશન પાસે દરરોજ કચરાના ઢગ પડેલા હોય છે. આરોગ્ય વિભાગના અધિકારીઓની ઘોર બેદરકારીને કારણે ટ્રાન્સફર સ્ટેશનની બહાર રસ્તા પર જ કચરાના વિશાળ ઢગલા ખડકાયેલા રહે છે. આ સ્થિતિને કારણે આસપાસના રહીશોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે અને ગંદકીના કારણે માખી-મચ્છરોનો ઉપદ્રવ પણ અસહ્ય બન્યો છે. બીજી તરફ આ ટ્રાન્સફર સ્ટેશનની દીવાલને અડીને કલાકો સુધી કચરો પડ્યો રહેતો હોવાથી અડધો રસ્તો બ્લોક થઈ જાય છે. જેના કારણે વાહનચાલકોએ ભારે ટ્રાફિક સમસ્યાનો સામનો કરવો પડે છે. વાહનોનાં પૈડાં નીચે કચરો આવવાથી તે દૂર સુધી રોડ પર ફેલાય છે. જેનાથી સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ પ્રસરેલી રહે છે. આધુનિક મશીનરી અને કોન્ટ્રાક્ટ સિસ્ટમ પાછળ દર વર્ષે કરોડોના આંધણ છતાં વેડ રોડ જેવા મુખ્ય વિસ્તારોમાં જોવા મળતા ગંદકીનાં દૃશ્યો મનપાની મોનિટરિંગ વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરે છે. સ્થાનિકોની વારંવારની રજૂઆતો છતાં તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે, જેને લઈને હવે રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

પરવાના દોઢ મહિનાથી એન્ટી કરપ્શન બ્યુરોને હંફાવે છે

લાંચના ૪ લાખ લઈને ભાગેલો વચેટિયો નહીં પકડાતા એસીબીની કામગીરી સામે અનેક સવાલો

સુરતઃ સુરત મહાનગર પાલિકાના લિંબાયત ઝોનમાં ગાજેલા લાંચ પ્રકરણમાં એસીબીની આબરૂના ધજાગરા ઉડી રહ્યા છે. એક તરફ ભ્રષ્ટ કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા છેલ્લા એક મહિનાથી લાજપોર જેલની હવા ખાઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ લાંચની ૪ લાખની રોકડ રકમ સાથે ફિલ્મી ઢબે ફરાર થયેલો વચેટીયો પત્રકાર મોહંમદ ઈસ્માઈલ ઉર્ફે પરવાના દોઢ મહિનો વીતવા છતાં પોલીસના હાથે ચઢ્યો નથી. આગોતરા જામીન રદ થયા બાદ પણ આરોપીનું પકડાવું તો દૂર, તેના સગડ મેળવવામાં પણ એસીબી તંત્ર વામણું પુરવાર થયું હોય તેવું લાગી રહ્યું છે.

આ ચકચારી કેસની વિગત એવી છે કે, લિંબાયત ઝોનમાં ગેરકાયદે બાંધકામ પર ડિમોલિશન ન કરવાના બદલામાં તત્કાલીન ઈજનેર વિપુલ ગણેશવાલાએ ૧૫ લાખની લાંચ માંગી હતી. ગત ૨૦મી ફેબ્રુઆરીના રોજ લાંચનો પ્રથમ હપ્તો ૪ લાખ રૂપિયા સ્વીકારવા માટે ગણેશવાલાએ પત્રકાર પરવાનાને મધ્યસ્થી તરીકે મોકલ્યો હતો. એસીબીએ છટકું ગોઠવ્યું હોવાની ગંધ આવી જતાં જ પરવાના ફરિયાદીના મોપેડ પર જ ૪ લાખની રોકડ લઈને નાસી છૂટ્યો હતો.

ગણેશવાલા જેલભેગો, પણ વચેટિયો લાપતા

ટ્રેપના સાત દિવસ બાદ ગણેશવાલાએ તો હથિયાર હેઠા મૂકી એસીબી સમક્ષ આત્મસમર્પણ કરી દીધું હતું અને હાલ તે જેલવાસ ભોગવી રહ્યો છે. જોકે, મુખ્ય કડી ગણાતો પરવાના હજુ પણ ફરાર છે. તેણે ૧૩મી માર્ચના રોજ ધરપકડથી બચવા માટે કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા, પરંતુ ૧૨માં એડિશનલ સેશન્સ જજ કમલેશ પ્રજાપતિએ તેની જામીન અરજી ફગાવી દીધી હતી.

એસીબીનો પનો ટૂંકો પડી રહ્યો છે કે પરવાનાના હાથ લાંબા છે?

સામાન્ય રીતે ટેકનિકલ સર્વેલન્સ અને મજબૂત હ્યુમન ઇન્ટેલિજન્સ ધરાવતી એસીબી રીઢા ગુનેગારોને ગણતરીના દિવસોમાં દબોચી લેતી હોય છે, ત્યારે પરવાનાના કિસ્સામાં ૪૫ દિવસ બાદ પણ તે હાથમાં નહીં આવતા એસીબીની કાર્યક્ષમતા અને ઈચ્છાશક્તિ સામે ગંભીર સવાલો ઉભા કરી રહ્યું છે. શું પરવાનાને કોઈ પ્રભાવશાળી નેતાનું જ પીઠબળ મળી રહ્યું છે?

કતારગામમાં બેદરકારીપૂર્વક બાઈક ચલાવનારને સજા

સુરતઃ કતારગામ, લલિતા ચોકડીની આગળ બેદરકારી અને ગફલતભરી રીતે મોટરસાઇકલ ચલાવી અકસ્માત કરનાર આરોપીને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કોર્ટના જજ રાકેશ લલિત ગુપ્તાએ એક વર્ષની સજા ફટકારી હતી. ફરિયાદ પક્ષના કેસની હકીકત મુજબ આરોપીએ તા.૧૮-૧૨-૨૦૧૧ના કતારગામ, લલિતા ચોકડીની આગળ, જાહેર રોડ ઉપર પોતાના કબજાની બાઈક નં.(GJ-05-GP-0548)ને પૂરઝડપે હંકારી ફરિયાદીની બાઈકને ટક્કર મારી ફરિયાદીને ગંભીર ઈજા પહોંચાડી હતી. કતારગામ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ મેહુલ દેસાઈએ હાજર રહી દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે રાંદેર પોલીસ લાઈનના આરોપી ક્રિષ્ના પ્રકાશ મૈરાળેને એક વર્ષની સાદી સજા અને દંડ ફટકાર્યો હતો.

ગાંજાના કેસમાં વોન્ટેડ ઉડિયા યુવાન ઝડપાયો

સુરત : ગાંજાના કેસમાં ફરાર આરોપીને ક્રાઇમબ્રાન્ચે કાસાનગર ત્રણ રસ્તા પાસેથી ઝડપી લીધો હતો. સવા બે મહિના પહેલા પોલીસે કાપોદ્રામાં આવેલા શ્રીરામનગરમાં દરોડો પાડી 3.16 કિલો ગાંજો ઝડપી પાડ્યો હતો. જો કે જેના રૂમમાં ગાંજો હતો તે મૂળ ઓરિસ્સાના ગંજામના બેગુનિયાપાડાનો બિકાસ તુલુ પ્રધાન ફરાર થઇ ગયો હતો. દરમિયાન ક્રાઇમબ્રાન્ચને બાતમી મળી હતી કે આરોપી અમરોલી વિસ્તારમાં કોસાડ આવાસ, શિવજી મંદિર નજીક રિક્ષા પાર્કિંગમાં પણ આવનજાવન કરે છે. જેથી કાસાનગર ખાતે વોચ ગોઠવીને આરોપીને પકડી લેવામાં આવ્યો હતો.

કતારગામમાં યોગ્ય કામ નહીં મળતા યુવકે મોતને વહાલું કર્યું

સુરતઃ કતારગામમાં યોગ્ય કામ નહીં મળતા યુવકે ફાંસો ખાઇને મોતને વ્હાલું કરી લીધું હતું. મૂળ બનાસકાંઠા જિલ્લામાં વડાલીના વતની ઈશ્વરભાઈ પગી હાલ કતારગામ ચીકુવાડુ પાસે આવેલ રંગઅવધૂત સોસાયટીના માતૃછાયા એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહે છે. તેમનો 25 વર્ષીય પુત્ર પીનેશ એસટી બસમાં કન્ડક્ટર તરીકે નોકરી કરતો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી તે ઘરમાં બેકાર બેસી રહ્યો હતો. યોગ્ય કામ નહીં મળતા ટેન્શનમાં આવીને ગુરુવારે રાત્રે તેણે ફાંસો ખાઇ લીધો હતો.

માનસિક બીમારીથી ત્રસ્ત વૃદ્ધે જીવનલીલા સંકેલી

સુરતઃ એ.કે રોડના વૃદ્ધે માનસિક બીમારીથી કંટાળીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. અશ્વિનીકુમાર રોડ પર આવેલ ધર્મનગરમાં યોગેશ્વર પાર્ક સોસાયટીમાં 61 વર્ષીય અરુણકુમાર બાબુભાઈ તલસાણીયા, એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતાં અને નિવૃત જીવન જીવતા હતા તેમજ માનસિક બીમારીથી પીડાતા હતા. જેની દવા પણ ચાલતી હતી. આ બીમારીથી કંટાળીને તેએ ગુરુવારે રાત્રે તેમણે ફાંસો ખાઇ લીધો હતો

રૂ. 3709માં મનપા હોટલની ગ્રીસ ચેમ્બર સાફ કરી આપશે

ગટર ચોકઅપ થવાની ફરિયાદો કાબૂમાં લાવવા હવેથી ફરજિયાત મનપા પાસે ગ્રીસ ચેમ્બરનો ઠરાવ થયો છે

સુરતઃ શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં કાર્યરત નાના-મોટા રેસ્ટોરન્ટ, હોટલો અને કાફેમાં ઘન કચરા મિશ્રિત પાણીના નિકાલ માટે વપરાતી ગ્રીસ ચેમ્બરની સફાઈ હવે સુરત મહાનગરપાલિકા દ્વારા કરી આપવામાં આવશે. અત્યાર સુધી આ સફાઈ મિલકતદારોએ જાતે અથવા ખાનગી રાહે કરાવવી પડતી હતી, પરંતુ હવે મનપાએ આ સેવાને પોતાની કમ્પ્લેઈન મેનેજમેન્ટ સિસ્ટમમાં આમેજ કરી છે.

મનપાની સામાન્ય સભાના ઠરાવ થકી આ નવી સેવા અને તેના ચાર્જીસ મંજૂર કરવામાં આવ્યા છે. શહેરીજનો અને વ્યવસાયિકો હવે ફરિયાદના આધારે આ સેવાનો લાભ મેળવી શકશે. મિલકતદારો પોતાની જરૂરિયાત મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા બે વિકલ્પમાંથી કોઈપણ એક સાધનની પસંદગી કરી શકશે. પ્રથમ વિકલ્પમાં ગ્રેબ બકેટ મશીન સાથે 1 એસએસઆઇ અને 4 સફાઈ કામદારની સુવિધા ઉપલબ્ધ થશે, જેનો પ્રતિ કલાકનો ચાર્જ રૂ.3049 રાખવામાં આવ્યો છે. બીજા વિકલ્પમાં ગલ્પર મશીન સાથે 1 એસએસઆઇ અને 4 સફાઈ કામદારની સેવા મળશે, જેનો પ્રતિ કલાકનો ચાર્જ રૂ.3080 નક્કી કરવામાં આવ્યો છે. આ બંને વિકલ્પમાં 20 કિલોમીટર સુધીના અંતરની મર્યાદા રહેશે, જેમાં મશીનરીના આવવા અને જવાના સમયનો પણ સમાવેશ કરવામાં આવશે. ઠરાવ મુજબ આગામી વર્ષો માટે પણ ચાર્જીસ નિર્ધારિત કરવામાં આવ્યા છે. જેમ કે, વર્ષ 2029-30 સુધીમાં ગ્રેબ બકેટ મશીનનો ચાર્જ રૂ.3709 અને ગલ્પર મશીનનો ચાર્જ રૂ.3745 સુધી રહેશે.

સરકારે ચેપ્ટર 71 હેઠળ કડક નિયંત્રણ લગાવ્યા

પ્લેટિનમ, ગોલ્ડ પાઉડર અને જ્વેલરી ઇમ્પોર્ટ પર નિયંત્રણ

"Restricted" કેટેગરીમાં માત્ર નિર્ધારિત એજન્સીઓ જ આયાત કરી શકશે

સુરતઃ ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કાર્યરત DGFT દ્વારા ITC (HS) 2022 ના ચેપ્ટર 71 હેઠળ સોનાં અને અન્ય કિંમતી ધાતુઓના આયાત નિયમોમાં મહત્વપૂર્ણ સુધારા જાહેર કરવામાં આવ્યા છે. આ સુધારાઓનો મુખ્ય હેતુ આયાત પર નિયંત્રણ લાવીને સ્થાનિક ઉદ્યોગને મજબૂત બનાવવાનો છે.

નવી જોગવાઈઓ અનુસાર, ગોલ્ડ પાવડર, ડોરે, ગોલ્ડ લીફ તથા અન્ય અર્ધ તૈયાર સ્વરૂપોના આયાતને હવે "પ્રતિબંધિત (Restricted)" કેટેગરીમાં મૂકી દેવામાં આવ્યા છે. પરિણામે, આ પ્રકારના આયાત માટે હવે માત્ર સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત "નોમિનેટેડ એજન્સીઓ"ને જ મંજૂરી આપવામાં આવશે. આ નિયમો તાત્કાલિક અસરથી અમલમાં મુકાયા છે. તે ઉપરાંત તૈયાર જ્વેલરી અને તેના ભાગોના આયાત પર પણ નિયંત્રણ લાદવામાં આવ્યું છે. પ્લેટિનમ સહિત અન્ય કિમતી ધાતુઓને પણ "ફ્રી"માંથી "Restricted" કેટેગરીમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે, જેનાથી આયાત પ્રક્રિયામાં વધુ કડકાઈ આવશે.

સરકારે CEPA કરાર હેઠળ કેટલીક મર્યાદિત છૂટછાટો યથાવત રાખી છે, પરંતુ આયાત માટે જરૂરી પ્રમાણપત્રો અને નિયમોનું પાલન ફરજિયાત બનાવાયું છે. UAE સાથેના CEPA કરાર સિવાય હવે જ્વેલર્સ અથવા બુલિયન વેપારીઓ કોઈપણ પ્રકારની જ્વેલરીનો આયાત માન્ય લાઇસન્સ વિના કરી શકશે નહીં. ઇન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA) ગુજરાતના પ્રેસિડેન્ટ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે, "સરકારનો આ નિર્ણય સોનાના આયાતમાં પારદર્શિતા લાવવા અને ગેરવપરાશ અટકાવવા માટે મહત્વપૂર્ણ છે.

આ પગલાથી સ્થાનિક જ્વેલરી ઉદ્યોગને પ્રોત્સાહન મળશે, પરંતુ વેપારીઓ માટે સરળ અને સ્પષ્ટ માર્ગદર્શિકા જરૂરી છે જેથી વ્યવહાર સરળ બની રહે." IBJA ગુજરાતે વધુમાં જણાવ્યું હતું કે, તેઓ સરકાર સાથે સંવાદ જાળવીને ટ્રેડના હિતમાં જરૂરી સૂચનો રજૂ કરશે.આ બદલાવને કારણે ખાસ કરીને સુરત સહિત દેશના જ્વેલરી હબમાં વેપાર પદ્ધતિમાં ફેરફાર જોવા મળશે અને આયાત આધારિત વ્યવસાયોને નવા નિયમો મુજબ ઢાળવાની જરૂર પડશે.

ક્લિનિક માટે જગ્યાના નામે ડોક્ટર યુવતી સાથે ઠગાઈ

અડાજણના ઠગે રૂ. ૬.૩૨ લાખ ખંખેરી લીધા પછી પણ અઢી વર્ષ સુધી વાયદા કર્યા

સુરતઃપુણા વિસ્તારમાં એક એસ્ટેટ બ્રોકરે પોતાની મીઠી-મીઠી વાતોમાં પિટિશન રાઈટરની દીકરીને ફસાવી ક્લિનિક માટે ભાડે જગ્યા અપાવવાના બહાને રૂ. ૬.૩૨ લાખની મત્તા પડાવી લીધાનો સનસનીખેજ મામલો પ્રકાશમાં આવ્યો છે. છેલ્લા અઢી વર્ષથી રઝળપાટ કરાવતા બ્રોકરે અંતે નાણાં પરત ન આપતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

પુણા સીમાડા રોડ ઉપર આવેલી કલ્યાણનગર સોસાયટીમાં રહેતા ૫૫ વર્ષીય તુષારભાઈ માવજીભાઈ સોલંકી પિટિશન રાઈટર છે. તેમની પુત્રી દિપાલીબેન ડોક્ટર હોય, તેઓ પોતાના વ્યવસાય માટે હોસ્પિટલ કે ક્લિનિક શરૂ કરવા માટે કોઈ સારી જગ્યાની શોધમાં હતા. આ દરમિયાન તેમનો સંપર્ક પાલનપોર, અડાજણ વિસ્તારમાં રહેતા એસ્ટેટ બ્રોકર વિજય મનસુખ કારેલિયા સાથે થયો હતો. બ્રોકર વિજયે વિશ્વાસ કેળવીને ઓક્ટોબર ૨૦૨૩થી અત્યાર સુધીમાં અલગ-અલગ બહાના હેઠળ દિપાલીબેન પાસેથી ઓનલાઈન ટ્રાન્સફર તેમજ રોકડ સ્વરૂપે કુલ રૂ. ૬,૩૨,૦૦૦ ખંખેરી લીધા હતા. નાણાં લીધા બાદ જ્યારે દિપાલીબેન કે તેમના પિતા જગ્યા વિશે પૂછપરછ કરતા ત્યારે આરોપી વાયદાઓ કરી સમય પસાર કરતો હતો. લાંબો સમય વીતવા છતાં ન તો ક્લિનિક માટે જગ્યા મળી કે ન તો આરોપીએ રકમ પરત કરી હતી.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા અંતે પિતા તુષારભાઈ સોલંકીએ પુણા પોલીસ મથકનો દરવાજો ખટખટાવ્યો હતો. પોલીસે અડાજણના ક્રિસ્ટલ એવન્યુમાં રહેતા આરોપી વિજય મનસુખ કારેલિયા સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

કતારગામમાં ટ્રાફિક પોઈન્ટ પર બાઈક ચાલકની પોલીસ સાથે ગાળાગાળી

વાહન ચેકિંગ વેળાએ મામલો બિચક્યો, કોન્સ્ટેબલ સાથે ઝપાઝપી કરી ફરજમાં રૂકાવટ ઊભી કરનાર નરેન્દ્ર કલસરિયા જેલભેગો

સુરતઃ કતારગામ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વસ્તાદેવડી રોડ પર ટ્રાફિક નિયમન અને વાહન ચેકિંગ કરી રહેલા પોલીસ જવાન સાથે એક બાઈક ચાલકે ઉધ્ધત વર્તન કરી જાહેરમાં ઝપાઝપી કરી હોબાળો મચાવ્યો હતો. સરકારી ફરજમાં રૂકાવટ ઊભી કરી પોલીસ પર હુમલો કરનાર શખ્સ સામે કતારગામ પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું છે.

કતારગામ વસ્તાદેવડી રોડ પર આવેલા પ્રમુખ દર્શન બિલ્ડિંગના ગેટ પાસે ટ્રાફિક પોલીસની ટીમ વાહન ચેકિંગની કામગીરીમાં વ્યસ્ત હતી. દરમિયાન ફરજ પર તૈનાત કોન્સ્ટેબલ કમલેશભાઈ ધનજીભાઈ ચૌધરીએ એક શંકાસ્પદ બાઈક ચાલકને ઊભો રાખવા ઈશારો કર્યો હતો. બાઈક ઊભી રાખતાની સાથે જ ચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને પોલીસ સાથે દાદાગીરી શરૂ કરી દીધી હતી. કોન્સ્ટેબલ કમલેશભાઈએ જ્યારે ચાલક પાસે જરૂરી કાગળો માંગ્યા અને પૂછપરછ કરી, ત્યારે ચાલકે પોતાનું નામ નરેન્દ્ર દેવદભાઈ કલસરિયા (રહે.,વિક્રમનગર સોસાયટી, સીતાનગર ચાર રસ્તા, પુણા) જણાવ્યું હતું. મૂળ ગીર સોમનાથના ગીર ગઢડાનો વતની એવો નરેન્દ્ર કલસરિયા ટ્રાફિક પોઈન્ટ પર જ પોલીસ સાથે બાખડી પડ્યો હતો. તેણે પોલીસ જવાનને ગાળો ભાંડી હતી અને કોન્સ્ટેબલનો કોલર પકડી ઝપાઝપી કરી હતી. રસ્તા પર લોકોનાં ટોળાં ઊમટી પડ્યા હોવા છતાં આ શખ્સે પોલીસ પર હુમલો ચાલુ રાખ્યો હતો. પોલીસ જવાન પર થયેલા આ હુમલા બાદ તાત્કાલિક અન્ય પોલીસકર્મીઓ દોડી આવ્યા હતા અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ભોગ બનનાર કોન્સ્ટેબલ કમલેશભાઈ ચૌધરીએ આ મામલે કતારગામ પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ગંભીરતા દાખવી નરેન્દ્ર કલસરિયા વિરુદ્ધ આઈપીસીની સંબંધિત કલમો હેઠળ સરકારી કર્મચારી પર હુમલો કરવા અને ફરજમાં અડચણ ઊભી કરવા બદલ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. હાલ કતારગામ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે અને આરોપી વિરુદ્ધ કડક દાખલો બેસે તેવી કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે.

ચેક બાઉન્સના આરોપીનું લાજપોર જેલમાં બીમારીમાં મોત

સુરતઃ ચેક બાઉન્સના કેસમાં લાજપોર જેલમાં કેદ આરોપીનું કિડની સહિતની બિમારીમાં મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ રાહુલ ભગવાનભાઈ ચિત્તે (36 વર્ષ) હાલ ઉધના ભીમનગર આવાસમાં રહેતો હતો. રાહુલને ચેક બાઉન્સના કેસમાં ડિંડોલી પોલીસે સમન્સ આપ્યું હતું. ત્યારબાદ 23મી માર્ચે તેની ધરપકડ કરીને લાજપોર જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો. દરમિયાન 25મી તારીખે તેની તબિયત લથડતા તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને કિડની સહિતની અનેક બીમારી હોવાનું સામે આવ્યું હતું અને તેની ડાયાલિસિસ સહિતની સારવાર પણ ચાલુ હતી. અહીં ગુરુવારે રાત્રે તેનું મોત નિપજ્યું હતું. રાહુલના મૃતદેહનું નવી સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરની પેનલની ટીમે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કર્યું હતું.

મોત એક ડગલું છેટું હતું! ચાલુ ટ્રેને ચઢવા જતી મહિલા માંડ બચી

સુરત રેલવે સ્ટેશન પર પોલીસે દેવદૂત બની મહિલાનો જીવ બચાવ્યો

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર શુક્રવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાતા રહી ગયો હતો. પ્લેટફોર્મ નં.1 પર ચાલુ ટ્રેને ચડવાની લ્હાયમાં એક મહિલા મુસાફરે સંતુલન ગુમાવ્યું હતું. મહિલા ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચેના જીવલેણ ખાડામાં ગરકાવ થાય એ પહેલાં જ ત્યાં ફરજ પર તૈનાત રેલવે પોલીસના જવાનોએ ફિલ્મી સ્ટાઈલે દોડીને મહિલાને ખેંચી લીધી હતી. આજે બપોરે ૧૫:૨૫ કલાકે ટ્રેન નં.૧૨૪૮૩ અમૃતસર સાપ્તાહિક એક્સપ્રેસ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.1 પર આવી હતી. બપોરે ૩:૩૨ કલાકે ટ્રેન જેવી ઉપડી કે તરત જ એક મહિલા મુસાફરે ચાલુ ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસમાં મહિલાએ સંતુલન ગુમાવતાં તે પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચે ખેંચાવા લાગી હતી. જો એક સેકન્ડની પણ વાર લાગી હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત. રેલવે એડિશનલ ડીજીપી કે.એન.ડામોર અને એસપી અભય સોનીની સૂચના હેઠળ રેલવે સ્ટેશન પર અકસ્માતો અટકાવવા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી.મીઠાપરાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સની ટીમ પ્લેટફોર્મ પર હાજર હતી. મહિલાને જોખમમાં જોતાં જ પોલીસ હેડ કોન્સ્ટેબલ નીતિનભાઈ, મહેશભાઈ અને કોન્સ્ટેબલ અનિલભાઈ સહિતની ટીમે જીવના જોખમે મહિલાને ખેંચી લીધી હતી. મોતના મુખમાંથી પાછી આવેલી મહિલા મુસાફર અકસ્માતને પગલે અત્યંત ગભરાઈ ગઈ હતી અને ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડી હતી. જો કે, હાજર પોલીસકર્મીઓએ માનવતા દાખવી તેને પાણી પીવડાવી શાંત પાડી હતી અને ટ્રેન ઊભી રખાવી તેને સુરક્ષિત રીતે ડબ્બામાં બેસાડી હતી. ખાખીના આ સાહસ અને ત્વરિત કામગીરીને રેલવે સ્ટેશન પર હાજર અન્ય મુસાફરોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

કચરા ગાડી ગટરમાં ગરકાવ થતાં હવામાં અધ્ધર થઈ

અમરોલીના રહીશોએ ભારે જહેમત બાદ બહાર કાઢી

સુરતઃ સ્માર્ટ સિટી સુરતના અમરોલી વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની ડોર-ટુ-ડોર કચરો ઉપાડતી ગાડી જ્યારે એક રહેણાક સોસાયટીમાં રોજિંદી કામગીરી માટે ગઈ હતી, ત્યારે અચાનક ગટરનું ઢાંકણું તૂટી પડતાં ગાડીનું પાછળનું ટાયર તેમાં ગરકાવ થઈ ગયું હતું. સોસાયટીના આંતરિક રસ્તા પરથી પસાર થતી વખતે ભારે વાહનનું વજન ખમી ન શકતાં ગટરનું નબળું ઢાંકણું કડડભૂસ થઈ ગયું હતું.

આ ઘટનાને કારણે કચરાથી ભરેલી આખી ગાડી એક તરફ નમી ગઈ હતી અને તેનું આગળનું ટાયર હવામાં ઊંચું થઈ જતાં વાહન વિચિત્ર રીતે ફસાઈ ગયું હતું. અંતે સ્થાનિક રહીશોની મદદ લેવામાં આવી હતી અને જેક તેમજ અન્ય સાધનોનો ઉપયોગ કરી ભારે જહેમત બાદ ફસાયેલી કચરાની ગાડીને સલામત રીતે ગટરમાંથી બહાર કાઢવામાં આવી હતી.

ગેરન્ટરનું ખાતું ફ્રીઝ કરવાનો બેન્કનો અધિકારઃ ગ્રાહક કોર્ટ

એકાઉન્ટ ઓપરેટર કરવાની દાદ માંગતી ગેરન્ટરની ફરિયાદ રદ, બેન્કને ૫૦ હજારનો ખર્ચ ચૂકવવા હુકમ

ફરિયાદીનું રૂ. ૫,૬૩,૩૩૦ બેલેન્સ ધરાવતું ખાતું ફ્રીઝ કરવામાં બેંકના પક્ષે કોઈ ખામી ન હોવાનું ઠરાવ્યું

સુરતઃ બેન્કે ફ્રીઝ કરેલું એકાઉન્ટ ઓપરેટર કરવાની દાદ માંગતી ગેરન્ટરની ફરિયાદ ગ્રાહક કમિશનને રદ કરી બેન્કોને રૂ. ૫૦ હજારનો ખર્ચ ચૂકવાનો ફરિયાદીને હુકમ કર્યો હતો. બેંકમાંથી લોન લેનાર વ્યક્તિના બાકી લેણાં નીકળતા હોય તો તેવા લોન લેનાર ગેરન્ટરના ખાતામાં બાકી પડતી રકમ પર પણ બેંકના જનરલ લીયનનો હક છે અને બેન્ક ગેરન્ટરનું બેંક એકાઉન્ટ પણ ફ્રીઝ કરી શકે છે.

આ કેસની વિગત એવી છે કે ફરિયાદી અંકિતા રૂપચંદ વૈદ અને તેણીના પતિ વચ્ચે મતભેદ થતાં પિયર રહેતા હતા. ફરિયાદીનું બેન્ક ઓફ બરોડામાં એકાઉન્ટ છે. જે ફ્રીઝ કરવામાં આવ્યું હતું. ફરિયાદી અંકિતા રૂપચંદ વૈદે બેન્કે ફ્રીઝ કરેલું એકાઉન્ટ ઓપરેટર કરવાની દાદ માગતી ફરિયાદ ગ્રાહક કમિશનને કરવામાં આવી હતી. બેન્ક તરફે એડવોકેટ શ્રેયસ દેસાઈ હાજર થઈ દલીલ કરી હતી કે સિદ્ધિવિનાયક ફાર્મ ફ્રેશ પ્રાઇવેટ લિમિટેડ કંપનીએ બેંક ઓફ બરોડા પાસેથી લોન મેળવી હતી. ફરિયાદી કંપનીમાં ડિરેક્ટર અને ગેરન્ટર તરીકે પણ છે અને આ કંપની પાસે તારીખ ૨૫/૦૨/૨૦૨૦ ના રોજ રૂ.૧૧.૩૯ કરોડની મોટી રકમ બાકી છે અને સરફેસી એક્ટ અન્વયે પ્રોસીડિંગ્સ DRT માં દાખલ થઈ છે તેમજ સીબીઆઈ દ્વારા પણ કાનૂની કાર્યવાહી કરવામાં આવેલી છે અને તેથી BOB એ ફરિયાદીના એકાઉન્ટ ઉપર બેંકનું લીયન માર્ક કરેલું છે. જેથી ફરિયાદીને આ એકાઉન્ટ ઓપરેટ કરવા દેતાં નથી. જેથી ફરિયાદ રદ કરવા રજૂઆત કરી હતી.

બન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને ફરિયાદીનું રૂ. ૫,૬૩,૩૩૦ બેલેન્સ ધરાવતું ખાતું ફ્રીઝ કરવામાં બેંકના પક્ષે કોઈ ખામી ન હોવાનું ઠરાવ્યું હતું. ફરિયાદીએ સત્ય હકીકત છુપાવીને ખોટી હકીકત જણાવીને કમિશન સમક્ષ પ્રોસિડિંગ્સ કરી છે, એમ પણ જણાવી ફરિયાદ રદ કરવાનો હુકમ કર્યો હતો અને ફરિયાદીને બેંકને ખર્ચના રૂ. ૫૦,૦૦૦ ચૂકવવાનો હુકમ પણ કર્યો હતો.

પાલનપુરમાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાંસો ખાઈને આત્મહત્યા કરી

ચારેક મહિના પહેલાં હોસ્પિટલમાં સારવાર માટે આવેલી યુવતી સાથે પ્રેમ થયો હતો

સુરતઃ પાલનપોરમાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. ચારેક મહિના પહેલાં હોસ્પિટલમાં સારવાર માટે આવેલી યુવતી સાથે પ્રેમ થયો હતો.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્ર જલગાંવના વતની અને વોચમેનનું કામ કરતો ઝુબેર શેખ હાલ પાલનપોર વિસ્તારમાં આવેલ રંગઅવધૂત સોસાયટીના જયઅંબે એપાર્ટમેન્ટમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. તેનો 18 વર્ષીય પુત્ર અયાન રાંદેર ફૂલવાડી વિસ્તારમાં આવેલ ખાનગી હોસ્પિટલમાં નોકરી કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. આજે બપોરે અયાને રૂમમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

બનાવને પગલે તેના આતિફ નામના મિત્રે જણાવ્યું હતું કે, તે જે હોસ્પિટલમાં નોકરી કરતો હતો, ત્યાં નાનપુરા ખાટકીવાડની એક યુવતી સારવાર માટે આવી હતી. જ્યાં બંનેને આંખ મળી હતી અને નંબર આપ-લે થયા બાદ બંને વચ્ચે પ્રેમ થયો હતો.

અયાન તેની સાથે લગ્ન પણ કરવાનું વિચારી રહ્યો હતો. પરંતુ આજે બપોરે અયાન તેના ફોન ઉચકી રહ્યો ન હતો. જેથી તે યુવતીનો મારા પણ ફોન આવ્યો હતો. અયાનએ મારા પણ ફોન ઊંચક્યા ન હતા. જેથી તે યુવતી અયાનના ઘર પાસે આવીને જોયું તો તેને બનાવની જાણ થઈ હતી. તેથી તે ત્યાંથી ભાગીને ચાલી ગઈ હતી અને મને જાણ કરી હતી. અયાનએ પ્રેમ પ્રકરણમાં આ પગલું ભર્યું હોવાની શક્યતા છે.